# સે. ૩ ના "બાગબાન વગરના બાગ"ને બચાવવા સ્થાનિક રહીશોનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર આમ તો બાગ-બગીચાઓના નગર તરીકે પણ જાણીતુ છે પરંતુ આ શહેરમાં અણઘડ વહીવટના નમૂના તરીકે એક "બાગબાન વગરનો બાગ" પણ જોવા મળી રહ્યો છે. શહેરના સેક્ટર-૩ ખાતેના બગીચામાં છેલ્લાં કેટલાક સમયથી કોઈપણ માળી ના હોવાને કારણે આ બગીચાની હાલત કથળી જવા પામી છે. જોકે સેક્ટરના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા ચોમાસાની ઋતુને પગલે બગીચામાં ઉગી નિકળેલા નકામા ઘાસચારાની સફાઈ જાતેજ કરી બગીચાને ઉજ્જડ થતો બચાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭માં સમાવિષ્ટ સેક્ટર-૩ના બગીચામાં માળીના અભાવે વરસાદી સીઝન બાદ ઘણુ બધુ નકામુ ઘાસ અને વનસ્પતિ આડેધડ ઉગી નિકળ્યા છે જેને કારણે બગીચાની સુંદરતા નંદવાઈ જવા સાથે ઘાસમાં મચ્છર વગેરે રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. આ સેક્ટરના રહીશોની અસંખ્ય રજૂઆતો છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. વળી, અહીં લાઈટનો પણ અભાવ હોવાથી રાત્રીના સમયે અસમાજિક તત્વોનો અડ્ડો જામેલો રહે છે. શહેરના અનેક સેક્ટરોમાં બગીચાઓનું નવીનીકરણ કરી દેવામાં આવ્યુ છે પરંતુ અગમ્ય કારણોસર સેક્ટર-૩ના બગીચાનુ નવીનીકરણ કરવામાં આવ્યુ નથી જે માટે આ વોર્ડમાં કોંગ્રેસના કોર્પોરેટર હોવાથી કિન્નાખોરીથી ઉપેક્ષા કરાતી હોવાનો આક્ષેપ પણ કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યો છે. સત્વરે આ બગીચાનુ રિનોવેશન કરવામાં આવે તેવી માંગ આ વિસ્તારના રહીશોમાં ઉઠવા પામી છે.






વિદ્યાસહયકોની ભરતી કરવાની રજુઆત કરવા માટે બેરોજગાર ઉમેદવારોએ મંગળવારે શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી હાથમાં બેનર્સ સાથે આવેલા ઉમેદવારોએ શિક્ષકોની ભરતી સંદર્ભે ન્યાય મળે તેવી લાગણી રજુ કરી હતી

# કોર્ટ સંકુલનાં ત્રીજા માળે આવેલ કોર્ટ રૂમનું તાળુ તુટયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. સેકટરના રહેણાંક વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી લાખો રૂપીયાની ચોરી કરી પલાયન થઈ જાય છે. ચોર ટોળકી સુધી પોલીસ પહોંચી શકી નથી. ત્યારે બેફામ અને બેખૌફ બનેલા તસ્કરોએ કોર્ટ ને નિશાન બનાવી છે. સેકટર-૧૧ સ્થિત કોર્ટ સંકુલના ત્રીજા માળે આવેલા કોર્ટ રૂમનું તાળુ તુટતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. લોખંડની બે જાળી અને લોક અને કોર્ટ રૂમનું ઈન્ટરલોક તોડીને અંદર પ્રવેશેલા તસ્કરો ખરેખર શું લઈ ગયા છે, તે અંગે ચકાસણી ચાલી રહી છે. બનાવ અંગે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત ગાંધીનગર પ્રિન્સિપાલ સિનિયરકોર્ટમાં નાઝર એવા નિલેશકુમાર જાદવે કોર્ટમાં તાળા તુટવા અંગે સે-૭ માં ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ સાંજના સવા છ વાગ્યાના અરસામાં પ્યુન દ્વારા કોર્ટ બંધ કરાયા બાદ બીજા દિવસે સવારે પોણા દશ વાગ્યે સફાઈ કામદાર આવ્યા હતા. તે સમયે ત્રીજા માળે આવેલી મેઈન લોખંડની જાળીનો આંકડો તેમજ અંદરની લોબીની જાળીનું લોક તુટેલું હતું. ગાંધીનગરમાં નવામાં એડિશનલ સિનિયર સિવિલ જજ એચ.આર.પરમાર સાહેબની કોર્ટ રૂમના દરવાજાનું ઈન્ટરલોક તુટેલી હાતલમાં હતું.

કોર્ટના સ્ટાફ દ્વારા ચેક કરતા કોઈ વસ્તુની ચોરી થઈ નથી. પરંતુ દસ્તાવેજ અંગે હજુ ચકાસણી કરવામાં આવી હતી. કોઈને ત્રીજા માળે કોર્ટરૂમમાં પગથીયાથી પહોંચવુ હોય તો ૭ જેટલા લોક તોડવા પડે તેવી સ્થિતિ છે. જયારે ચોરીના આ બનાવમાં ત્રીજા માળે આવેલી બે જ જાળીના લોક તુટ્યા છે. તે ઉપરાંત બિલ્ડીંગમાં અન્ય કોઈ સ્થળે કે બારીઓમાં કોઈ તોડફોડ થઈ નથી. પોલીસને શંકા છે કે તસ્કરો કોર્ટ બંધ થવાના સમયે પહેલાથી કોઈક જગ્યાએ સંતાઈ ગયા હોઈ શકે છે. જે ચોરી કરીને ફરીથી એ જ જગ્યા સંતાઈને સવારે અવર-જવર વધતા નીકળી ગયા હોય શકે છે. સમગ્ર કોર્ટ સંકુલમાં સીસીટીવી કેમેરા ફીટ કરાયા છે. ત્યારે ચાલાક તસ્કરો એ ત્રીજા માળે આવેલી લોબીમાં આવેલા સીસીટીવી કેમેરા પર રૂમાલ ઢાંકી દેવાયો હતો. ચોર ઈસમો સીસીટીવી કેમેરામાં કેદ ન થઈ જાય તેનું પણ ધ્યાન રાખ્યું હતું. બનાવ અંગે સે-૭ માં પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તસ્કરોને દબોચી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ચિલોડા પાસે લકઝરી બસમાંથી ૪૦ બોટલ દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા પોલીસે રાજસ્થાન પાર્સિંગની લકઝરી બસમાંથી ૪૦ બોટલ વિદેશી દારુ પકડી પાડ્યો છે. ચિલોડા પોલીસે દારુ-લકઝરી બસ જપ્ત કરીને ડ્રાઈવર અને કલીનર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા નજીક લકઝરી બસમાંથી દારુની ૪૦ નાની બોટલો ઝડપાઈ છે. ચિલોડા પોલીસે વાહન ચેંકીગમાં બપોરે ૧ વાગે હિંમતનગર તરફથી આવતી રાજસ્થાન પાર્સિંગની બસને રોકી હતી. આર.જે.૧૪.પી.ઈ-૦૫૭૬ નંબરની લકઝરીમાં ચેકીંગ કરતા પાછળના ભાગે બે થેલા મળી આવ્યા હતા. જેમાંથી દારુની ૧૮૦ એમએલની કુલ ૪૦ બોટલ મળી આવી હતી. બસના ડ્રાઈવરે અને કલીનરે જ બસમાં થેલો મુક્યો હોવાનું સામે આવતા પોલીસે રાજસ્થાનના રહેવાસી વિજયકુમાર સુપકરણ મેઘવાલ (ઉં.વ.૩૮ ભુગાલ) તેમ સંજીવકુમાર બજરંગલાલ જાટ (ઉં.વ.૨૮)ની ધરપકડ કરી હતી. પોલીસે રૂ.૪ હજારની કિંમતનો દારુ અને રૂ.૧૦ લાખની લકઝરી બસ જપ્ત કરીને આરોપીઓ સામે પ્રોહિ એકટ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સે-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની પોકાર ઉઠવા પામી છે. આ વિસ્તારમાં પાણી આવતુ નથી જયારે આ મામલે સ્થાનિક રહીશો અનેકવાર રજુઆત કરીને થાકી ગયા છે. આમછતા પાણીનો પ્રશ્ન હલ થતો નથી પાણીની સમસ્યા હજુ હલ થઈ નથી પાણીના મામલે સેકટરોની સ્થાનિક મહીલાઓએ આજે તંત્ર સમક્ષ રજુઆત કરી હતી.

# આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે પર્યાવરણ અને સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં સોમવારે ધોરણ ૧ થી ૬ના બાળકો માટે 'જ્ઞાન સાથે ગમ્મત' તેમજ પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્વચ્છતા અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ઈન્દ્રોડા પાર્કના પ્રશિક્ષક તેમજ સંસ્કાર ગૃપના સંચાલક પ્રમુખ તુષારભાઈ દવેએ મુખ્ય મહેમાનપદે પધારી બાળકોનું માર્ગદર્શન કર્યું હતું.

તુષારભાઈએ બાળકોને પક્ષીઓના અવાજ, વાહનોના અવાજ વગેરેની સમજ સાથે સ્વચ્છતાના મહત્વ અંગે સમજ આપી હતી. કાર્યક્રમમાં 'બેટી બચાવો-બેટી પઢાવો' સંદેશ ઉપરાંત શિસ્ત અને શિક્ષણના મહત્વને બાળકોને સમજાવાયું હતું. જેમાં એકપાત્રીય અભિનયનો પણ સહારો લેવામાં આવ્યો હતો. બાળકોને ઉત્સાહથી અને ખંતથી કાર્ય કરવા સાથે પ્રકૃતિ, વૃક્ષો, પ્રાણી સૃષ્ટિ વગેરેના મહત્વને સમજાવાયું તેમજ રાષ્ટ્ર પ્રગતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન મેઘાબેન દવેએ કર્યું હતું જયારે શાળા સુપરવાઈઝર કેતનભાઈ પટેલે આભારદર્શન વ્યકત કર્યું હતું.



### ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓના ઇકો ક્લબ સાથે જોડાયેલા

# ૬૪ જેટલા શિક્ષકોનો ઔષધિય વનસ્પતિઓ અંગે ટ્રેઈનર્સ ટ્રેનીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

સરકારી ઔષધિય વનસ્પતિ ઉદ્યાન, ગાંધીનગરમાં ઔષધિય વનસ્પતિઓના જુદી-જુદી જાતના ૨૦૦ છોડ, ક્ષુપ, વૃક્ષો તેમજ વેલાઓ આવેલા છે, જેના અભ્યાસ માટે તા.૨૧-૯-૨૦૧૯ના રોજ ગાંધીનગર જિલ્લાની જુદી-જુદી શાળાઓના ઈકો ક્લબ સાથે સંકળાયેલા શિક્ષકોનો ઔષધિય વનસ્પતિઓ અંગેનો ટ્રેઈનર્સ ટ્રેનીંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૪ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઉપસચિવ ચૌધરી તેમજ નાયબ જિલ્લા શિક્ષણાધિકારી હેમાંગ ભટ્ટ ઉપસ્થિત રહીને વિવિધ ઔષધીઓના સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ દ્વારા ઔષધીય વનસ્પતિઓનું મહત્વ અને તેના ઉપયોગો અંગે પ્રેઝન્ટેશન તેમજ ઉદ્યાન-ભ્રમણ કરી વિસ્તૃત માહિતી આપી હતી તેમ વનસ્પતિ બોર્ડની યાદીમાં જણાવાયું હતું.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની ૪૨મી વાર્ષિક સાધારણ સભા રવિવારે સે. ૧૨માં આંબેડકર ભવન ખાતે યોજાઈ હતી.



આ સભામાં શહેરના મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમનુ મંડળીના મેનેજીંગ ડિરેક્ટર પંકજ શુક્લએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. વાર્ષિક સાધારણ સભામાં મંડળીના સભાસદોની હાજરીમાં રૂ. ૨૦૦ ગ્રાહક વળતર તથા ૧૦ ટકા પ્રમાણે ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જે માટે વ્યવસ્થાપક સમિતિના નિર્ણયને સભ્યોએ વધાવી ચેરમેન દિલીપસિંહ ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના સમાપને રાજેન્દ્રસિંહ રાઠોડે આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ.

### જીએસટીની પેન્ડિંગ ચુકવણી ૩૦ દિવસમાં કરાશે

# નાના અને લઘુ ઉદ્યોગોને એનપીએ જાહેર નહિ કરાય : વિજય રૂપાણી

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા કોબા ખાતેના ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં તેઓએ તાજેતરમાં જ કેન્દ્રની મોદી સરકાર દ્વારા જે કોઈ મોટા નિર્ણયો લેવાયા તેની સરાહના કરી હતી તેમજ આ નિર્ણયોને યોગ્ય ગણાવ્યા છે. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જે જાહેરાતો કરાય તેને કારણે દેશને ઘણો ફાયદો થશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું આવ્યું હતુ કે આ વર્ષે દેશમાં ચોમાસુ પણ સારું થયું છે. સરકાર હાલમાં ઉત્પાદન અને કન્સ્ટ્રકશન ટ્રેક્ટર પર વધુ ધ્યાન આપી રહી છે. ભારતના અર્થતંત્રને બુસ્ટ મળે અને બજારમાં રૂપિયો ફરતો થાય તે માટે કેન્દ્ર સરકારે અનેક નિર્ણયો કર્યા છે. બીજી બાજુ અમેરિકા અને ચાઈનાના ટ્રેડ વોરનો સીધો ફાયદો ભારતને થશે ભારતમાં રોકાણ કરનારા ઉદ્યોગોને તમામ વ્યવસ્થા મળે તે માટે સરકાર કટિબદ્ધ છે. ભારતમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું ઉદ્યોગપતિઓ માટે બેસ્ટ રહે તેઓ કરાશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે શેરબજારે દેશનું આશિક બેરોમીટર છે. તાજેતરમાં જ નાણામંત્રીએ જે જાહેરાતો કરી છે તેને કારણે શેરબજારમાં ૩૦૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો છે. આમ કેન્દ્ર સરકારે સાચી દિશામાં પગલાં લીધા છે. હાલના ઉદ્યોગોને ટેક્સ માં ૯ ટકાથી વધુની રાહત આપી છે જ્યારે ૨૦૨૨ સુધીમાં નવી ઈન્ડસ્ટ્રી નાખનારા ઉદ્યોગોને હવે ૩૧ ટકાને બદલે માત્ર ૧૫ ટકા કોર્પોરેટ ટેક્સ ભરવાનો રહેશે.

અમેરિકા ચાઈના ટ્રેડ વોરને કારણે ભારતમાં રોકાણ કરવાનું આકર્ષણ વધશે. જેથી ગુજરાતે તેના માટેની તમામ તૈયારીઓ કરી લીધી છે. અહીં આવતા ઉદ્યોગોને ઝડપથી તમામ પ્રકારની મંજૂરી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. બીજીબાજુ આરબીઆઈ દ્વારા પણ રેપો રેટમાં ઘટાડો કરાતા બજારમાં લિક્વિડિટી વધી છે નાના લોકોને પણ ઓછા વ્યાજ દરે લોન મળી રહી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વની વાત એ કરી હતી કે એમ.એસ.એમ.ઈને એટલે કે નાના તથા લઘુ ઉદ્યોગોને એનપીએ કરવામાં નહીં આવે દેશભરમાં જીડીપીની ચર્ચા ચાલતી હોય છે પરંતુ ભારતે નાકે સિસ્ટમને જાળવી રાખી છે તેમજ રાજકીય ખાધમાં ઘણો ઘટાડો થયો છે. ભૂતકાળમાં આ ખાધ ૮ ટકાની આસપાસ હતી જે હવે અઢીથી ત્રણ ટકાની વચ્ચે આવી ગઈ છે.

ભારતની ઈકોનોમી આગામી સમયમાં ૫ ટ્રિલિયન ડોલરની બની જશે જેના માટે સરકાર તમામ કાર્યવાહી કરશે એવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું ઘણા વર્ષો પછી કેન્દ્ર સરકારે આટલા મોટા નિર્ણય લીધા છે. જેના માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારામનને અભિનંદન આપું છું

મીડિયા દ્વારા પૂછાયેલા વિવિધ પ્રશ્નોના જવાબમાં મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતુ કે આજથી જ રોજગારી મેળા શરૂ થયા છે. જુદી બેંકો વચ્ચે હરીફાઈ ચાલતી હોય છે જેથી વ્યાજદરમાં બેક્નોને ઘટાડો કરવો જ પડે છે જેનો સીધો ફાયદો લોકોને મળે છે અને સસ્તી લોન ઉપલબ્ધ થાય છે.

તમામ બેક્નો આરબીઆઈની ગાઈડલાઈન મુજબ કામગીરી કરતી હોય છે. જો આરબીઆઈના નોર્મસનુ ઉલ્લંઘન કરે તો બેક્નનું લાયસન્સ પણ રદ થઈ જતું હોય છે.

# ધોરણ પાંચ-આઠમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને વધુ તક

### નાપાસ વિદ્યાર્થીની વાર્ષિક પરીક્ષા બાદ ફરી વખત પરીક્ષા

અમદાવાદ, તા.૨૪

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિનિયમ ૨૦૦૯ની કલમ-૧૬માં કેન્દ્ર સરકારે ગત તા.૧૦ જાન્યુઆરીએ ફેરફાર કર્યા બાદ રાજ્ય સરકારે પણ તેમાં મહત્વનો સુધારો કર્યો છે. આ સુધારા અંતર્ગત દરેક શૈક્ષણિક વર્ષના અંતે ધોરણ- ૫ અને ધોરણ-૮માં વાર્ષિક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં જો વિદ્યાર્થી નાપાસ થાય તો વાર્ષિક પરીક્ષા બાદના બે મહિનાના સમયગાળા દરમ્યાન વધારાનું શિક્ષણ પુરું પાડી પરીક્ષાની અને પાસ થવાની વધુ એક તક આપવામાં આવશે. તેમાં પણ જો નાપાસ થાય તો તેને નાપાસ ગણવામાં આવશે. આ પરીક્ષાઓ જીસીઈઆરટી (ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ) દ્વારા લેવામાં આવશે. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે આ અંગેની જાહેરાત કરી હતી. આ સુધારાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી કરવામાં આવશે. આ પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થી અન્ય શાળામાં પ્રવેશ મેળવે તો ઉંમર આધારિત પ્રવેશને બદલે જે બાળક જે ધોરણમાં નાપાસ થયું હોય તે જ ધોરણમાં પુનઃપ્રવેશ આપવાનો રહેશે. પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવેલા કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરું થતા સુધીમાં આ સિવાયના કોઈપણ કારણસર કોઈ ધોરણમાં રોકી શકાશે નહીં. આ ઉપરાંત કોઈ બાળકનું પ્રાથમિક શિક્ષણ પુરું ન થાય ત્યાં સુધી શાળામાંથી કાઢી શકાશે નહીં. શિક્ષણમંત્રીએ ઉમેર્યું હતું કે, આ મહત્વના સુધારાના પરિણામે રાજયની પ્રાથમિક શાળાઓની ગુણવત્તામાં મહત્વનો સુધારો આવશે અને આ સુધારાનો અમલ રાજયની તમામ સરકારી તથા ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓએ કરવાનો રહેશે. રાજય સરકાર દ્વારા આરટીઈ એકટના રૂલ્સ-૦૧૨ના નિયમ-૨૪માં સુધારો કરતું જાહેરનામું પણ પ્રસિધ્ધ કરાયું હતું.

# અક્ષીઓ કોઈનના નામે વધુ એક ક્રિપ્ટો કરન્સીનું કૌભાંડ

અમદાવાદ, તા.૨૪

બિટકોઈન સહિત ક્રિપ્ટો કરન્સીનું હબ બની ગયેલા સુરતમાં વધુ એક ક્રિપ્ટો કરન્સી કૌભાંડ સામે આવ્યું છે. જેમાં અક્ષીઓ કોઈનના નામે રૂ.૭.૯૮ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાની સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

આ સમગ્ર કૌભાંડમાં પોલીસે આરોપી ચંદ્રેશ ઉર્ફે જિમ્મીની ધરપક કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. સુરત સહિત સમગ્ર રાજયમાં ભારે ખળભળાટ મચાવનારા બિટકોઈન કૌભાંડ બહાર આવ્યા બાદ સમયાંતરે અલગ અલગ કોઈ કૌભાંડ સુરતમાંથી બહાર આવી રહ્યા છે. જેમાં અક્ષીઓ કોઈન કૌભાંડ સુરતમાં ૧૧મું છે. પહેલાં બિટકોઈન, બિટકનેક્ટ, ડિકાડો, બીએસએસ, રીગલ, ટોરસ, એનસીઆર, ગારનેટ, અક્ષીઓ સહિત ૧૧ કોઈન કૌભાંડ અંગે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. અક્ષીઓ કોઈનના નામે રૂ.૭.૯૮ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાતા આરોપી ચંદ્રેશ ઉર્ફે જિમ્મી પ્રવીણ કોટડીયાની સીઆઈઆડી ક્રાઈમે કરી ધરપકડ કરી છે. અક્ષીઓ કોઈનમાં ૫૦૦થી વધુ રોકાણકારોએ રોકાણ કર્યુ હોઈ નાણાં ડૂબ્યા હોવાની ફરિયાદને પગલે સુરતમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આરોપી ચંદ્રેશ ઉર્ફે જિમ્મીની વધુ પૂછપરછ હાથ ધરી તપાસનો ધમધમાટ આગળ ધપાવ્યો છે.

# વોર્ડ નં. ૮માં ફૂટપાથની સુવિધા આપવા સ્થાનિક કોર્પોરેટરની માંગ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૪, ૩-ન્યુ, ૨ અને ૧ માં રીંગરોડ પર ફૂટપાથની સુવિધા અંગે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા ફરી એકવાર લેખિત રજૂઆત કરવામાં આવી છે. અગાઉ ભૂતકાળમાં સેકટરમાં ફૂટપાથના અભાવે વરિષ્ઠ નાગરિકોને અકસ્માત થયાના બનાવો થયા હોવાની સાથે જાનહાનિના કેસો પણ બનવા પામ્યા છે તેવી રજૂઆત કરતા કોર્પોરેટરે સત્વરે વોર્ડમાં ફૂટપાથની સુવિધા પુરી પાડવા નાગરિકો વતી માંગ કરી છે.





ગાંધીનગરના સેકટર-૮માં ખેલ મહાકુંભની ફુટબોલની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલની ગર્લ્સ ટીમોએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાંથી અન્ડર-૧૪ કેટેગરીમાં 'એ' ટીમ પ્રથમ ક્રમાંકે અને 'બી' ટીમ દ્વિતિય ક્રમાંકે વિજેતા બની હતી જયારે અન્ડર-૧૭ કેટેગરીમાં ગર્લ્સ ટીમ દ્વિતિય ક્રમે વિજેતા રહી હતી તમામ વિજેતા ગર્લ્સ ખેલાડીઓને શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠકકર, આચાર્ય નિર્મલભાઈ પટેલ, અર્પણાબેન શેઠ, પ્રિતીબેન ભદોરિયા તથા સ્ટાફગણ અને કોચ વિપુલ સોલંકીએ અભિનંદન પાઠવ્યા હતા.

**ડોક્ટર જોઈએ છે**

MS (જનરલ સર્જન)

ફુલ ટાઈમ (24 x 7)

રામચંદ્ર સ્વરાજભાઈ જનરલ હોસ્પિટલ

ધાનેરા, બનાસકાંઠા

RMO

Dr. Vimal Trivedi

Mo. : 9601981475, 6352340487